# પ્રતિબંધ છતા શહેરમાં જાહેરમાં કચરો સળગાવવાનો સિલસિલો યથાવત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર શિક્ષણ નગરી તરીકે ઉપસી આવ્યું છે. શિક્ષિત નાગરીકો નગરમાં વસવાટ કરે છે તેમ છતા પણ શહેરમાં ઠેરઠેર ઝાડીઓમાં સુકો કચરો સળગાવવાના કિસ્સા યથાવત જોવા મળે છે. પ્રતિબંધ હોવા છતા જાહેરમાં કચરો બાળીને વાતાવરણ અને પ્રદુષણને નુકશાન પહોંચાડે છે. તો બીજી તરફ સામાન્ય આગ વિકરાળ સ્વરુપ ધારણ કરતા ના છુટકે આગને કાબુમાં કરવા ફાયર બિગ્રેડનો સહારો લેવો પડે છે. જયારે આ સુકા કચરાની સાથેસાથે કયાંય લીલા વૃક્ષોને પણ નુકશાન પહોંચે છે તે સત્ય હકીકત છે. ત્યારે આવી રીતે જાહેરમાં કચરો સળગાવનાર કર્મચારી, કે નાગરીકો કોઈપણ હોય તેની સામે કાયદેસરની દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તો જ કચરો સળગાવવાનો સિલસિલો અટકશે



તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગોની બંન્ને સાઈડ આવેલ ઝાડીઓમાં પડી રહેલો સુકો કચરો સળગાવી દેવાના કિસ્સા બની રહ્યા છે. શહેરના ચ અને ગ માર્ગ પર કચરો સળગાવેલા નજરે પડે છે. કયારેક ભર બપોરે પણ આગ લગાવી કચરો બાળી દેવામાં આવે છે. જાહેરમાં કચરો નહીં સળગાવવો તેવો સુપ્રિમ કોર્ટનો આદેશ છતા તંત્રના કર્મચારી તેમજ નાગરીક કે કોઈ અજાણ્યા ટીખળખોરો દ્વારા આવી પ્રવૃતિ કરવામાં આવતી હોવાનું લાગી રહ્યું છે.

વન વિભાગની ઝાડીઓમાં આગ લગાવતા અન્ય વનરાજીને પણ નુકશાન પહોંચે છે. કયારેક આગ વધુ પ્રસરી જાય અને બેકાબુ બનતી દેખાય ત્યારે આગ બુઝાવવા માટે ફાયર બિગ્રેડને કોલ કરવામાં આવે છે. ફાયર બિગ્રેડને પણ આવા કોલ આવવાનો સિલસિલો ચાલુ થઈ ગયો છે. દિવસમાં બે ત્રણ કોલ ઝાડીમાં આગ લાગી હોવાના આવે છે. ત્યારે શિક્ષિત નગરીમાં આ પ્રકારની હરકત ન થવી જોઈએ. ત્યારે આવા જાહેરમાં કચરો સળગાવનાર તત્વો સામે તંત્રએ દંડનીય કાર્યવાહી કરવી જોઈએ તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

## આંબો આવ્યો મ્હોર..!



ધોમધખતા તાપ સાથે ઉનાળાની ભરપુર જમાવટ થઈ ચુકી છે, ત્યારે ઉનાળાનું શ્રેષ્ઠ ફળ અને ફળોનો રાજા ગણાતી કેરીએ આંબા ઉપર આકાર લઈ દશ્યમાન થઈ છે. લગભગ એકાદ માસ પછી આંબેથી કેરી ઉતરીને બજારમાં વેચાણ અર્થે આવી જવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે તલાલા, સૌરાષ્ટ્રમાં વાવાઝોડા થકી આંબા ઉપરના મોર ખરી પડવાથી કેરીનુ ઉત્પાદન ઓછુ થવાની દહેશત ઉભી થઈ છે ત્યારે વલસાડ, ઉત્તર ગુજરાતની કેરી બજારમાં ધુમ મચાવશે તેવુ જણાઈ રહ્યુ છે. હાલ બજારમાં વેચાઈ રહેલી પાકી કેરી કોલ્ડ સ્ટોરેજની હોવાની શક્યતાઓ છે જેનો રસ પણ આંબે કેરી છે અને ધુમ વેચાણ થઈ રહ્યો છે જે આરોગ્ય માટે હાનીકારક બની શકે છે. કહેવાય છે કે આંબા ઉપર જ કેરીને સાગ પડે પછી જ તે ઉતારવી યોગ્ય ગણાય. અન્યથા સ્વાદિષ્ટ બનતી નથી. છતાં ઉનાળામાં કેરી અને તેના રસની મજા લેવા લોકો અત્યારથી જ તલપાપડ બન્યા છે. આંબાવાડીઓમાં કેરીઓ આંબે પ્રગટ થઈ છે જે ટુંક સમયમાં પરિપક્વ બનશે જેમાં હાલ કેટલાક લોકો કાચી કેરીનુ કચુંબર પણ બનાવીને કેરીનો સ્વાદ માણી રહ્યા છે.



## ચિલોડા પોલીસના વાહન ચેકીંગમાં
# મોંઘી ક્રેટા કારમાં ઈંગ્લિશ દારૂની હેરફેર કરનાર બે ઈસમો ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા અધિક પોલીસ અધિક્ષક વિજયકુમાર પટેલે ઈંગ્લિશ દારૂની હેરાફેરી ન થાય તે માટે વાહન ચેકીંગ આપેલ સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેક્ટર એલ.ડી. વાઘેલાના માર્ગદર્શન નીચે ડી-સ્ટાફના પોલીસ સબ ઈન્સ. પી.બી. રમલાવત તથા પો.કો. ભાવિકભાઈ જીતેન્દ્રભાઈ તથા પો.કો. રમેશભાઈ મનુભાઈ પો.કો. મોહનભાઈ મહાદેવભાઈએ ચંદ્રાલા ના.કા. પોઈન્ટ ઉપર વાહન ચેકીંગ કરતા હતા તે દરમ્યાન પો.કો. ભાવિકભાઈ જીતેન્દ્રભાઈએ બાતમી આધારે હિંમતનગર તરફથી આવતી ક્રેટા ગાડી નંબર જીજે.૦૧. આર.ડબલ્યુ. ૪૭૪૭ને રોકી લઈ તપાસ કરતા અંદર બેસેલ ઈસમે એન્ટી કરપ્શન કમીટી ડેપ્યુટી વીજીલન્સ ઓફિસરની ઓળખ આપી આઈડેન્ટી કાર્ડ બતાવી પોલીસ ઉપર રોફ બતાવી તમે વાહનો રોકીને શુ કરો છો, મને ખબર છે તેમ કહી ધમકાવતા પોલીસે સંયમપુર્વક કારની ડેકી ડ્રાઈવર પાસે ખોલાવી ચેક કરતા હન્ડ્રેડ પાઈપર તથા અન્ય ઈંગ્લિશ દારૂની મોંઘી બોટલો નંગ-૧૩ કિ. રૂ. ૧૧૩૦૦ તથા બિયર નંગ ૧૨ રૂ. ૧૨૦૦ મળી કુલ ૨૫ નંગ બોટલો કિ. રૂ. ૧૨,૫૦૦ મળી આવેલ અને ડ્રાઈવર તરીકે કલ્પેશભાઈ રમેશભાઈ ચુડાસમા રહે. મ.નં.બી-૮, લાભ-શુભ ફલેટ, ગોપાલ ચોકની બાજુમાં,ન વા નરોડા, અમદાવાદ મુળ રહે. ગાયત્રીનગર સોસાયટી, પાલીતાણા, જી. ભાવનગરનો તથા ડેપ્યુટી વીજીલન્સ ઓફિસરની ઓળખ આપનાર અશોકભાઈ વાલજીભાઈ માનડંકા (પટેલ) રહે. ૧૩, વસુન્દ્રા એપાર્ટમેન્ટ, ઠક્કરબાપાનગર, અમદાવાદ શહેર મુળ રહે. ગરમલી, ચલાળા, તા. ધારી, જી. અમરેલીને પકડી લઈ તેની પાસેથી મોબાઈલ નંગ-૩, કિ. રૂ. ૧૧ હજાર તથા ક્રેટા ગાડી રૂ. ૫ લાખ તથા એન્ટી કરપ્શન કમીટીનું આઈકાર્ડ વિગેરે તપાસ અર્થે કબ્જે લીધેલ અને મળી આવેલ એન્ટી કરપ્શન કાર્ડ અને મહારાષ્ટ્રનુ ડેપ્યુટી વિઝીલન્સ ઓફિસરનું હોવાનુ જણાઈ આવેલ છે અને આ બાબતે ચિલોડા પો.સ્ટે. ગુન્હો દાખલ કરી આગળની આરોપીઓના રીમાન્ડ મેળવવા વધુ તપાસ પો.સબ.ઈન્સ. પી.બી. રમલાવત ચિલોડા પો.સ્ટે.નાઓ કરી રહેલ છે.

# આવતીકાલથી કબડ્ડી માટે સાઈ ખાતે સિલેક્શન ટ્રાયલ્સનો પ્રારંભ

### એસટીસીમાં બોયઝ-ગર્લ્સ બંને માટે અન્ડર-૧૬ અને અન્ડર-૧૮ કેટેગરીમાં જ્યારે સીસોઈમાં બોયઝ માટે અન્ડર-૨૦ અને અન્ડર-૨૫ કેટેગરીમાં પસંદગી પ્રક્રિયા યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાઈ ટ્રેનિંગ સેન્ટર ખાતે કબડ્ડીની રમત માટે સિલેક્શન ટ્રાયલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ સિલેક્શન ટ્રાયલ્સ તા. ૩૧મી માર્ચથી તા. ૨જી એપ્રિલ દરમ્યાન યોજાશે. જેમાં પુરૂષ અને મહિલા બંને વિભાગ માટે અન્ડર-૧૬ અને અન્ડર-૧૮ કેટેગરીમાં પસંદગી પ્રક્રિયા યોજાનાર છે. જ્યારે સેન્ટર ફોર એક્સેલન્સ માટે માત્ર પુરૂષ વિભાગમાં અન્ડર-૨૦ અને અન્ડર-૨૫ કેટેગરીમાં પસંદગી પ્રક્રિયા યોજાશે.

સાઈ ટ્રેનિંગ સેન્ટર તથા સાઈ ખાતે કાર્યરત 'સેન્ટર ફોર એક્સેલન્સ' માટે કબડ્ડીની રમતમાં નવી પ્રતિભાઓને વૈજ્ઞાનિક ઢબથી પદ્ધતિસરની તાલીમ આપી ખિલવવા માટે પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી પ્રક્રિયામાં જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ અથવા તેની સમકક્ષ સ્પર્ધામાં ભાગ લઈ ચુકેલા ખેલાડીઓને પસંદ કરવામાં આવશે. પસંદગી પ્રક્રિયામાં સાઈ ટ્રેનિંગ સેન્ટર માટે પુરૂષ અને મહિલા બંને વિભાગમાં અન્ડર-૧૬ અને અન્ડર-૧૮ કેટેગરી તથા સેન્ટર ફોર એક્સેલન્સ માટે માત્ર પુરૂષ વિભાગમાં અન્ડર-૨૦ અને અન્ડર-૨૫ કેટેગરીમાં સિલેક્શન ટ્રાયલ્સ યોજાશે. સિલેકશન ટ્રાયલમાં પસંદગી પામનાર ખેલાડીઓને એક વર્ષ માટે નિષ્ણાંત કોચની તાલીમ અને તે દરમ્યાન રહેવા-જમવાની સગવડ, સ્પોર્ટસ કીટ, મેડિકલ તથા ઈન્શ્યુરન્સ કવર, શૈક્ષણિક ખર્ચ તથા વિવિધ સ્પર્ધાઓમાં રમવાની તક સાઈ દ્વારા પુરી પાડવામાં આવશે. પસંદગી પ્રક્રિયામાં ખેલાડીઓએ તેમના ઓરિજનલ દસ્તાવેજો અને તેની ફોટો કોપી સાથે હાજર થવાનુ રહેશે.



ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીના આઈ.ડી.એસ.પી. શાખા દ્વારા સ્વસ્થ ગાંધીનગર સ્વચ્છ ગુજરાતના સ્લોગન સાથે સરકારી શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તમાકુ નિયંત્રણ માટે રેલી યોજી હતી. જેમાં જીંદગી પસંદ કરો નહી કે તમાકુના સ્લોગન સાથે વિદ્યાર્થીઓએ તમાકુના બંધાણીઓને તમાકુ નહી ખાવા માટે અનુરોધ કર્યો હતો.

# શહેરના જાણીતા અભિનેતા જનક ઠક્કર વિજય રૂપાણીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૯

કલર્સ ગુજરાતી પર સીરીયલ



સુરી માં અભિનયના ઓજસ પાથરીને જનક ઠક્કરે ખુબ નામના મેળવી છે. જનક ઠક્કરની આ જાણીતી સીરીયલ સુરી માટે આ વર્ષે બેસ્ટ ગુજરાતી એકટરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. જનક ઠક્કરની આ સફળતા માટે આપણા ગુજરાત રાજયના લોકલાડીલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાતી સીરીયલના જાણીતા એકટર હોવા ઉપરાંત જનક ઠકકર ગાંધીનગર તેમજ ડીસા મહાનગર પાલિકાના સ્વચ્છ ભારત અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. ભાજપ પ્રદેશ યુવા મોરચાના હોદેદારની સાથે સાથે શહેરની ઘણી બધી સામાજીક તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે સંકળાઈને વિવિધ સેવાકીય પ્રવૃતિઓ પણ વર્ષ દરમિયાન કરતા હોય છે.આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલ સરકાર બેટી બચાવો બેટી પઢાવો અભિયાન અંતર્ગત સુંદર કામગીરી કરી રહી છે. આજે સુંદર સંદેશ સાથે કલર્સ ગુજરાતી પર સુરી સીરીયલ પ્રસારીત થતી હતી. જેથી આ જ મેસેજને કારણે સીરીયલ ખુબ જ પ્રચલીત થઈ હતી અને નંબર-૧ તરીકે લોકચાહના મેળવી છે. આ સીરીયલમાં જનક ઠકકરે મુખ્ય ભુમિકા ભજવી છે.

# અમદાવાદમાં દલિત સેના દ્વારા સુપ્રિમકોર્ટના ચૂકાદાના વિરોધમાં વિરોધ પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

અનુસૂચિત જાતિ અત્યાચાર નિવારણના સુપ્રિમ કોર્ટના ચૂકાદાના વિરોધમાં ગુજરાત પ્રદેશ દલિત સેના દ્વારા ૨જી એપ્રિલ-૨૦૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે અમદાવાદ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

અમદાવાદના સાળંગપુર આંબેડકર પ્રતિમા આગળ સુપ્રિમ કોર્ટના ચૂકાદાનો સખત વિરોધ કરી પ્રદર્શન કરાશે. ઉપરાંત ગુજરાતમાં અનુસૂચિત જાતિના નાગરિકો માટે સ્મશાનભૂમિ ફાળવવા ગુજરાતના મુખ્યમંત્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીને આપેલ આવેદનપત્રના પ્રત્યુત્તરની ચર્ચા તથા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકાળવા તથા સંગઠનને મજબૂત કરવા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રમુખ ડી.બી. પરમાર, જયંતિભાઈ ઉત્સાદ, પ્રફુલભાઈ ચૌહાણ, બાબુભાઈ મેસરવાલા, બળદેવભાઈ પંડ્યા, તુલસીભાઈ સહિત અનેક પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણામાં પોલીસની ટ્રેનીંગ લેતી ગાંધીનગરની મહિલા લોકરક્ષક ગુમ

ગાંધીનગર, તા. ૨૯

માણસા તાલુકાના પડુસ્મા ગામની રબારી સમાજની મહિલા અનાર્મ લોકરક્ષકની મહેસાણા ખાતે ટ્રેનિંગ લઈ રહી હતી. અચાનક જ વીસ દિવસ અગાઉ મહિલા ગુમ થઈ જતા પરિવારજનો ચિંતિત બન્યા છે. પોલીસને પોતાની ગુમ દિકરી શોધી આપવા આજીજી કરી રહ્યા છે.

માણસા તાલુકાના પડુસ્મા ગામે રહેતા નિવૃત્ત કર્મચારીની ત્રણ પુત્રી અને એક પુત્રી છે. જે પૈકીની મોટી પુત્રી ભગવતીબહેનને વિસનગરના ભાલક ગામના બાલાભાઈ રબારીની સાથે લગ્ન થયા હતા. પરંતુ બન્નેનો મન મેળ ન થતા ભગવતીબહેન છેલ્લા બે વર્ષથી પડુસ્મા પોતાના પિતાના ઘરે રહેતા હતા. થોડા સમય અગાઉ પોલીસમાં ભરતીની જાહેરાત થતા મહિલા કોન્સ્ટેબલ માટે ફોર્મ ભર્યુ હતુ. ભગવતીબહેન નોકરીમાં પસંદગી પામ્યા હતા. મહેસાણા ખાતે મહિલા અનાર્મ લોક રક્ષક તરીકે ટ્રેનિંગ લઈ રહ્યા હતા. દરમિયાન મહિલાના પરિવારજનોને થોડા દિવસો બાદ રજા પર ઉતરી ગઈ ગેરહાજર હોવા અંગેની જાણ પરિવારજનોને ટ્રેનિંગ સેન્ટરમાંથી જાણ થઈ હતી. આથી ચિંતિત બનેલા યુવતીના ભાઈ અશોક રબારીએ યુવતીની ગુમ થયાની ફરિયાદ મહેસાણા ડિવીઝન પોલીસ મથક નોંધાઈ હતી. પરંતુ તેમ છતા ગુમ મહિલાની કોઈ જાણ ન થતા પરિવારજનો હેરાન પરેશાન થઈ ગયા છે અને ગુમ દિકરીને ભાળ મેળવવા પોલીસને તપાસ કરવા વિનંતી કરી રહ્યા છે.



## સે-૨૭ પોલીસ હેડકવાર્ટર ખાતે લોકરક્ષકનો દિક્ષાંત પરેડ સમારોહ યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સ્થિત પોલિસ હેડકવાર્ટર ખાતે ગુજરાત પોલિસમાં ભરતી થયેલા લોકરક્ષકો પૈકી ૩૫૨ તાલીમાર્થીઓની દિક્ષાંત પરેડ યોજાઈ હતી. ગાંધીનગર તથા મહેસાણા જિલ્લા તેમજ અમદાવાદ ગ્રામ્યના મળી કુલ ૩૫૨ તાલીમાર્થીઓની આઠ માસની પાયાની તાલિમ પૂર્ણ થતા દિક્ષાંત પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પરેડમાં અન્ય ઉચ્ચ અધિકારીઓ તથા તાલિમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પરેડને અનુલક્ષી ગ્રાઉન્ડને અનોખી રીતે સુશોભિત કરવામાં આવ્યું હતું. અંતે ફટાકડા ફોડી આકાશમાં ફુગ્ગા છોડી દિક્ષાંત પરેડની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. ઉપરાંત ફોટોગ્રાફી પણ કરવામાં આવી હતી.





ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા પાર્કમાં વેકેશનને લઈ સહેલાણીઓની સંખ્યા વધી રહી છે. મોટી સંખ્યામાં મુલાકાતીઓ કુદરતી સાંનિધ્યને મનભરીને માણવા આવી રહ્યા છે ત્યારે ગાંધીનગર શહેરના વી.કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ દ્વારા ખાસ કોલેજના વિદ્યાર્થીઓ માટે કુદરતના આ અનોખા સૌંદર્ય અને કુદરતી સંપત્તિ અંગે કુદરતી સાંનિધ્યમાં વિવિધ અને સચોટ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. જેમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.